જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૫/૨૦૧૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-    સમાચાર યાદી નં.૮૧૫/૧૬

## ગોધરા કાંડ વખતે થયેલ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ ના રમખાંણનાં કેસમાં પેરોલ ફર્લો જમ્પ કરી નાસતો ફરતો આરોપીને રાજસ્થાન ખાતે થી જબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ તથા પો.ઇ.શ્રી બી.ડી.જાડેજા નાઓએ સુચના કરેલ કે, ગુજરાત રાજ્યની જુદી જુદી જેલોમાંથી કેદીઓ પેરોલ/ફર્લો તેમજ વચગાળાના જામીન ઉપર છુટી મુદત અંદર પરત જેલમાં હાજર નહી થતાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી કરી જેલ હવાલે પરત કરવા જણાવેલ. જે અનુસંધાને પો.સ.ઇ. શ્રી એ.કે.વડીયા નાઓએ હે.કો.અરુણભાઇ બાબુરાવ તથા પો.કો. જાહીદખાન મુનસફખાન નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે કાચા કામના આરોપી કેદી નંબર ૭૫૨૧/૦૯ જીતેન્દ્ર ઉર્ફે લલ્લું શીવચરણ રામજીલાલ નાથ ઉવ.૪૬ રહે, મહંમદપુરા, તા.સપોટરા જી.સવાઇ માધવપુર, રાજસ્થાન વાળાની તેના ગામમાં જઇ વોચ કરી યુક્તિ પ્રયુક્તિથી જબ્બે કરી અત્રે એસ.ઓ.જી. ઓફીસે ખાતે લાવી પુછપરછ કરેલ જેમાં પોતે ગોધરા કાંડ વખતે થયેલ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ ના રમખાંણનાં કેસમાં પોતે સને ૨૦૦૯ થી સાબરમતી સેન્ટ્રલ જેલમાં હોય અને પેરોલ ફર્લો રજા ઉપરથી હાજર થયેલ ન હોવાનું જણાવેલ. જેને તેના વતન રાજસ્થાન સવાઇ માધવપુર જીલ્લાનાં મહંમદપુરા ગામેથી હસ્તગત કરી અત્રે લાવી સાબરમતી જેલ હવાલે સોંપવાની યોગ્ય કાર્યવાહી કરી કાયદેસર કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)